તોફાનનો પીછો કરવાવાળા

વંટોળિયાનું પગેરું

ગેઇલ હર્મન ચિત્ર: લેરી શ્વિન્ગર

તોફાનનો પીછો કરવાવાળા વંટોળિયાનું પગેરું

ગેઇલ હર્મન
ચિત્ર: લેરી શ્વિન્ગર

વંટોળિયો!

વિ-હો! વિ-હો! સાયરન વાગી રહ્યું છે. લોકો રેડીઓ કે ટીવી તરફ ઉતાવળથી જાય છે અને એને જલ્દી ચાલુ કરે છે. ધબકારા વધી જાય છે. લોકો અચાનક આવેલી સંકટાવસ્થાનો હવામાન અહેવાલ સાંભળે છે: "વંટોળિયાની ચેતવણી!"

બધી જગ્યાએ, લોકો શરણ લેવા માટે દોડે છે. વંટોળિયો કોઈ પણ ક્ષણે આવી શકે છે. પાણી વહેતુ રહે છે. રેફ્રિજરેટર ખુલ્લા રહે છે. બહાર બધું શાંત છે. આકાશમાં કાળા, ઘનિષ્ટ વાદળાં છવાયેલા છે. બહુ ગરમી છે અને વાતાવરણ ચીકણું ભેજવાળું છે.

અચાનક વીજળી ચમકે છે. ગડગડાટી થાય છે. બારે મેઘ ખાંગા થાય છે . એક મિનિટ પછી, મુઠ્ઠી જેટલા કરા જમીન પર પડે છે. હવા વધારે ને વધારે જોર પકડતી જાય છે. વાદળાં એક ગોળાકાર બહાર નીકળેલા માથાંમાં બદલાઈ જાય છે. એક બિંદુ જમીન તરફ આગળ વધે છે.

બિંદુ લાંબુ અને પહોળું થતું જાય છે. હવે એ એક ભૂંગળું (ફનલ) બની ગયું છે. વાદળનો આકાર આઈસ્કીમ કોન અથવા પાતળી સોટી પર કેન્ડી ફ્લોસ જેવો છે. પણ એ જીવલેણ હોય છે.

ફનલ ઘૂમી રહ્યું છે: એ નીચે, નીચે, નીચે, નીચે,
વધારે નીચે આવી રહ્યું છે.
અવાજ જમીન હલાવી દેય એવો છે - જાણે હજારો
રોલર-કોસ્ટર ઉછળ-કૂદ અને ગર્જના કરી રહ્યા હોય.
અંદર, રૂમમાં, ભંડકિયામાં, અને ઓરડીરૂપે કબાટમાં,
લોકો પોતાના કાન ઢાંકી દેય છે.
તોફાન જોર પકડે છે. ચારે બાજુ વીજળી ચમકે છે.
ઘર હલે છે. ગાડીઓ પણ હલે છે.
ફનલ જમીન તરફ ઘૂમે છે. હવે એ ફરતું,
ગરજતું, ગણગણાટ કરતું ધૂળનું એક વિશાળ
વાદળું છે - એક વંટોળિયો (ટોર્નાડો).
એ ઘરમાં ખાબકે છે. એ કાંચ તોડે છે. એ જે
વસ્તુને અડે છે એને ઘસડી જાય છે.
વૃક્ષો જમીનમાંથી ઉખડી જાય છે. ટ્રક હવામાં
ઉછળે છે. છત ઉડી જાય છે. બિલ્ડીંગો ધ્વસ્ત
થઈ જાય છે. લાકડાના મોભ અને પાટિયાં,
ઈંટ અને રાચરચીલું બધી બાજુ ઉડે છે.

વંટોળિયો ઝડપથી આગળ વધે છે. એ એના રસ્તામાં આવવાવાળી દરેક વસ્તુનો કચ્ચરઘાણ કાઢી નાખે છે. અચાનક, એ ઉપર ઉઠે છે. એક મકાનોના જૂથ ઉપરથી પસાર થાય છે. પછી બીજાની ઉપરથી. થોડા ઘર બચી જાય છે. પછી એ પાછો નીચે આવે છે અને બધા ઘરનો નાશ થઈ જાય છે. અને ઇમારતો ક્ષતિગ્રસ્થ થઈ જાય છે.

ધીરે-ધીરે વંટોળિયો સંકોચાઈ જાય છે. એ લાંબો અને પાતળો થઈ જાય છે - દોરડા જેવો.

થોડી સેકન્ડ પછી, એ ગાયબ થઈ જાય છે.

બધું પાછું સ્થિર થઈ જાય છે.

થોડી મિનિટો જ વીતી છે. વંટોળિયો આવ્યો હતો અને હવે એ જતો રહ્યો.

લોકો સંતાવાની જગ્યામાંથી બહાર આવે છે.

એ ઈંટ, લાકડા અને પથ્થરના ઢગલા નીચેથી ભાંખોડીયા ભરતા બહાર આવે છે. એ ચારે બાજુ જુએ છે, દિગ્મૂઢ થઈને.

ઘર ટૂકડા-ટૂકડા થઈને તૂટી ગયા છે. ગાડીઓ ઉંધી થઈ ગઈ છે. જમીન પર રેતી અને કાટમાળના ઢગલા વિખરાયેલા છે. સડકની લાઈટો... સાઈનબોર્ડ...બધું એની જગ્યાએથી ઉખડી ગયું છે, કે વળી ગયું છે.

લોકો સ્તબ્ધ છે અને હજી પણ ડરેલા છે.

પણ એ ભાગ્યશાળી છે. એની પાસે છુપાવાનો સમય હતો. એની પાસે ભાગવાનો સમય હતો.

પણ બધા વંટોળિયાથી ભાગતા નથી.

થોડા લોકો વંટોળિયાની પાછળ ભાગે છે.

કોણ? વૈજ્ઞાનિકો, જે વંટોળિયા વિષે વધારે જાણવા ચાહે છે. એ એવું જાણવા ચાહે છે કે વંટોળિયો ક્યારે અને ક્યાં આવશે. એ લોકોને સુરક્ષિત જગ્યા શોધવા માટે વધારે સમય આપવા ચાહે છે.

બીજા કોણ? ફોટોગ્રાફર, જે તોફાનના ફોટા પાડે છે. ખબરપત્રી, જે એક સારા ખબરની શોધમાં છે. એ લોકો, જે હવામાનમાં રુચિ રાખે છે અને એના વિષે વધારે જાણવા ચાહે છે.

આ લોકો કોણ છે?

તોફાનનો પીછો કરવાવાળા.

કંઈ પણ વસ્તુ માટે તૈયાર

જૂન મહિનાનો એક રવિવાર છે. રોસ નામનો એક માણસ જે તોફાનનો પીછો કરે છે એ ફિલ્મ જોવા જઈ રહ્યો છે. એ એક વૈજ્ઞાનિક પણ છે. એ હવામાનનું અધ્યયન કરે છે, અને એને હવામાનશાસ્ત્રી કહેવાય છે.

આકાશ વાદળોથી ઘેરાયેલું છે. ગરમી છે.

કદાચ તોફાન આવશે,

રોસ વિચારે છે. કદાચ વંટોળિયો પણ.

એ એનો ગાડીનો ફોન ઉપાડે છે. આજે એ કોઈ ફિલ્મ નહીં જુએ. એને બદલે, એ એની સાથી જીલને ફોન કરે છે.

"મને હવામાન કેન્દ્રમાં મળ!" એ ઉત્સાહિત થઈને જીલને કહે છે.

કેન્દ્ર પર, બંને વૈજ્ઞાનિકો કમ્પ્યુટર સ્ક્રીનને ધ્યાનથી જોઈ રહ્યા છે. એ હવામાનની જાણકારી જોઈ રહ્યા છે. તાપમાન. હવા ના આંકડા.

ગરમ, ભીની હવા મેક્સિકોથી ઉપર ઉઠી રહી છે.

ઠંડી, શુષ્ક હવા કેનેડાથી નીચે આવી રહી છે.

રોસ અને જીલ એકબીજાને જુએ છે. જો ઠંડી અને ગરમ હવા એકબીજાને ભટકાશે, તો વંટોળિયો આવી શકે છે.

કેવી રીતે? જયારે ગરમ હવા ઠંડી હવાને મળે છે, તો ઠંડી હવા નીચે બાજુ સરકે છે. ગરમ હવા ઉપર ઉઠે છે. ત્યારે પાણીના ટીપા બને છે, અને વિશાળ ગરજતાં વાદળાં બને છે.

ક્યારેક ગરમ હવા વાદળાંમાં ફસાઈ જાય છે. ક્યારેક એ એક ધમાકા સાથે પાર પડે છે, અને ઠંડી હવા એક ચક્કરમાં ઘૂમવા લાગે છે. ત્યારે એક વંટોળિયો આવી શકે છે.

જીલ અને રોસને ખાતરી નથી. હોય શકે છે કે એ માઈલો સુધી ગાડી ચલાવે અને કંઈ ન જોઈ શકે. હકીકતમાં, મોટે ભાગે વંટોળિયાનો પીછો કરવાનો અર્થ એવો જ થાય છે. પણ જીલ અને રોસ આ જોખમ લેવા તૈયાર છે.

રોસ અને એની સાથી એક પીછો કરવાવાળી ગાડીમાં જલ્દીથી બેસે છે. એ પહેલેથી જ ભરાયેલી છે. એમાં વંટોળીયાની જીવંત ક્રિયાને કેદ કરવા કેમેરા છે. એનો પીછો કરવામાં મદદરૂપ થવા માટે નકશા છે. હવામાન સેવાની પળેપળની જાણકારી માટે એક લેપટોપ કમ્પ્યુટર, અને એક ટેપ રેકોર્ડર, જેનાથી એ બધું યાદ રાખી શકે.

તોફાનનો પીછો કરવાવાળા કોઈ પણ પરિસ્થિતિ માટે તૈયાર રહે છે. સૌથી વધારે, એ એક વંટોળિયા માટે તૈયાર રહે છે.

વંટોળિયાની શક્તિ

વંટોળિયો, ટોર્નાડો, ચક્રવાત. એક જ શક્તિશાળી વાવાઝોડાના ત્રણ અલગ-અલગ નામ છે.

તોફાનના બીજા પ્રકાર પણ હોય છે. રેતાળ રણમાં ધૂળના તોફાન ઉઠે છે. એ સાધારણ રીતે નાના હોય છે અને ફક્ત એક કે બે મિનિટ સુધી જ ચાલે છે.

જળ-સ્તંભ પાણીની સપાટી ઉપર બનવાવાળા વાવાઝોડા હોય છે. એક તેજ વાવાઝોડું તળાવનું પાણી ઉપર ખેંચી શકે છે - અને માછલીઓને પણ!

પછી આવે છે તોફાન - તેજ હવાઓ અને વરસાદનું તોફાન. તોફાન ઉષ્ણકટિબંધિય સમુદ્રમાં શરુ થાય છે. એ સમય સાથે ધીરે-ધીરે વધે છે અને ઘણા દિવસો સુધી ચાલે છે. એનાથી વૃક્ષ ધરાશાયી થઈ જાય છે. ઇમારતો તૂટી જાય છે. લોકો પોતાના ઘર છોડી દેય છે કારણકે આખો લત્તો અને શહેર પાણીમાં ડૂબી જાય છે.

પ્રચંડ તોફાનના પોતાના પીછો કરનારા હોય છે. તોફાનના શિકારી. આ શિકારી દરેક વખતે તોફાનમાં નીકળતી વખતે પોતાનો જીવ જોખમમાં મૂકે છે. એમાંથી 90 ના મોત થઈ ચુક્યા છે.

કેમ?

એ તોફાનના બરાબર કેન્દ્રમાં વિમાન ઉડાવે છે. એવી જ રીતે એને જાણકારી મળે છે. કેન્દ્ર શાંત અને સ્થિર હોય છે. પણ ત્યાં પહોંચવા માટે, પાયલટને 70 થી 100 માઈલ પ્રતિ કલાકની તેજ હવાઓમાંથી પસાર થવું પડે છે.

તો પણ, તોફાની હવાઓ ચક્રવાતના સપાટા જેટલી તેજ નથી હોતી. ચક્રવાતમાં પૃથ્વી પર સૌથી તેજ અને જોખમકારક હવાઓ હોય છે - 300 માઈલ પ્રતિ કલાકથી પણ વધારે તેજ!

ચક્રવાત એક બીજા કારણથી પણ જોખમકારક હોય છે. એ અચાનક આવે છે - અને કોઈ જાણતું નથી કે એ ક્યાં જશે અને શું કરશે.

જમીન પર હોય ત્યારે એક ચક્રવાત 70 માઈલ પ્રતિ કલાકની ઝડપથી ચાલી શકે છે. અથવા એ કાચબાથી પણ ધીમી ગતિથી ચાલી શકે છે.

એક ચક્રવાત સેંકડો માઈલ અથવા બસ થોડાજ માઈલની દૂરી સુધી જઈ શકે છે. એ કલાકો સુધી ચાલી શકે છે. અથવા થોડી સેકંડો સુધી.

ક્યારેક ચક્રવાત સમૂહમાં આવે છે. એપ્રિલ 1974 માં એક જ દિવસમાં એકસો અડતાલીસ ચક્રવાત આવ્યા. મધ્ય-પશ્ચિમી અમેરિકા અને કેનેડાના એક પછી એક શહેર ધોવાઈ ગયા. ત્રણસોથી વધારે લોકો માર્યા ગયા. લોકોને ઉડતો ભંગાર વાગ્યો, એ ઘર નીચે દબાઈ ગયા, અને તેજ હવામાં અહીં-તહીં ઉડી ગયા.

બીજા શહેરનો એક માણસ એના દીવાનખંડના સોફા નીચે સૂઈ ગયો. એણે પોતાની સમગ્ર તાકાતથી સોફાનો એક પગ પકડી રાખ્યો. ચક્રવાત એના ઘર સાથે ટકરાયો. બધી બાજુ જોરદાર હવાઓ ચાલવા લાગી. જયારે ચક્રવાત આગળ વધ્યો, તો એ માણસે ઉપર જોયું. એણે હજી પણ સોફાનો પગ પકડયો હતો. પણ એ બહાર હતો. કોઈ ઘર ન હતું. કોઈ રાચરચીલું ન હતું. અને સોફાનો બાકીનો ભાગ પણ ગાયબ થઈ ગયો હતો.

એ દિવસે ઓહિયોની એક હાઈ સ્કૂલના છાત્રો ભાગ્યશાળી હતા. એ ઓડિટોરિમના મંચ ઉપર એક નાટકનો અભ્યાસ કરી રહ્યા હતા. એક છોકરીએ બારીની બહાર જોયું અને ચક્રવાત જોયું. છાત્રો એનું માથું ઢાંકીને કોરિડોરમાં ભાગ્યા. થોડી સેકન્ડ પછી, સ્કૂલની બધી બસ ઉડીને મંચ પર આવી ગઈ.

ચક્રવાત વખતે વિચિત્ર બનાવો બને છે. હવાને લીધે મરઘીના પીંછા ઉડી જાય છે. ઘર ઉપાડીને ઊંધા કરી દેવામાં આવે છે. કેન્સાસના વિચિટામાં એક માણસ સીધો ચક્રવાતની ઉપર ઉઠાવી લેવામાં આવ્યો. એણે ટાયર અને એક ટ્રેકટરને એની ચારે બાજુ ચક્કર ફરતા જોયા. ત્યાં એણે એક પથારી જોઈ - જેમાં રજાઈ હજી સરસ રીતે ખોસેલી હતી. કાશ કે એ એના સુધી પહોંચી શકે, એણે વિચાર્યું. એ કેટલી આરામદાયક લાગી રહી હતી!

એક મહિલા એના બાથટબમાં સંતાઈ ગઈ. એનું ઘર એની ચારે બાજુ વિખરાઈ ગયું. ટબ જમીનમાંથી ઉખડીને બહાર આવી ગયું. એ બીજું કંઈ જાણે ત્યાં તો એનું ટબ એક સ્લેજમાં બદલાઈ ગયું, અને મહિલા જંગલ તરફ લસરી રહી હતી!



ચક્રવાત મોટા પણ હોઈ શકે છે અને નાના પણ.

સંયુક્ત રાજ્ય અમેરિકામાં દર વર્ષે લગભગ આઠસો ચક્રવાત આવે છે.

અને એ બધા પચાસ રાજ્યોમાં આવે છે.

પણ સૌથી વધારે ચક્રવાત મિસૌરીમાં આવે છે.

કેન્સાસ. ઓક્લાહોમા અને ટેક્સાસ. આ ક્ષેત્રમાં એટલા તોફાન આવે છે કે એને ટોર્નેડો ગલી કહેવામાં આવે છે.

અને ટોર્નેડો ગલી જ એ જગ્યા છે જ્યાં તમને તોફાનનો પીછો કરવાવાળા મળશે!

પીછો કરવાનું ચાલુ છે!

ઉપર ગડગડાટી ગુંજે છે - વરસાદ જોરથી વરસે છે, અને જીલ વાઈપર ચાલુ કરી દેય છે.

સડક ભીની છે. લપસી જવાય એવી. એ સાવધાની થી ગાડી ચલાવી રહી છે.

એ બીજા એક તોફાનનો પીછો કરવાવાળા વિષે વિચારે છે. એ જે આવા જ વરસાદથી ભીના થયેલા હાઇવે પર ગાડી ચલાવતા એક ગાડીની દુર્ઘટનામાં માર્યો ગયો હતો.

મોટા વરસાદના ટીપાં છત પર પડે છે અને બારીમાંથી પાણીના ધોધની જેમ નીચે પડે છે. જીલ મુશળધાર વરસાદમાં એની આંખો ઝીણી કરે છે. વીજળીના ઝબકારા એને થોડી સેકન્ડ માટે આંધળી કરી દેય છે. હવે આગળ વધવું મુશ્કેલ છે.

ધડામ! ધબબ! કરા ગાડી સાથે ટકરાય છે.

હૂશ! હવા બારીમાંથી સિટી વગાડે છે.

ગાડી પવનના ઓચિંતા ઝપાટાથી હલે છે.

"આપણે શું કરવું જોઈએ?" રોસે અવાજની ઉપરથી બૂમ પાડી.

"કોઈ સંતાવાની જગ્યા શોધ!" જીલે બૂમ પાડી.

ચાર મોટા કરા

તોફાનનો પીછો કરવો ખતરનાક હોય છે, અને પીછો કરવાવાળા હંમેશા સાવધાન રહે છે. એ તોફાનની વચ્ચે ફસાવા નથી ચાહતા. એ આખો ચક્રવાત જોવા ચાહે છે.

"આગળ એક ઓવરપાસ (એક રસ્તાને પૂલ દ્વારા ઓળંગી જનાર બીજો રસ્તો) છે," જીલ કહે છે. "હું થોડી વારમાં ગાડી ત્યાં પહોંચાડી દઈશ."

પણ ગાડી લપસણા રસ્તા પર ફરી જાય છે. જીલ બ્રેક લગાવે છે. ગાડી ઘૂમે છે. એકે ઝટકો મારીને એ ઉભી રહી જાય છે. રોસ બારીમાંથી બહાર જુએ છે.

"અરે નહીં!" એ ચીસ પાડે છે. "ચક્રવાત!"

એક ચતુર્થાંશ માઈલ દૂર...લગભગ પાંચ શહેરી બ્લોક દૂર...ધૂળ અને માટીનું એક મોટું ફરતું વાદળું તોળાઈ રહ્યું છે.

વૈજ્ઞાનિક એટલા નજીક છે કે એની ટોચ નથી જોઈ શકતા. એ એટલા નજીક છે કે એ તળિયું નથી જોઈ શકતા. એને બસ કંઈક કાળું અને મોટું દેખાય છે.

કંઈક ફરતું, ઘુમરાતું, ફરતું.



જીલે એક્સલરેટર (ગતિવર્ધક) દબાવ્યું. રોસ કોઈ ખાઈની શોધમાં છે - કોઈ એવી જગ્યા જ્યાં સંતાઈ શકાય.

કાળા ધુમાડા જેવો સ્તંભ દૂર જાય છે. એ દૂર સુધી ઘૂમતો-ઘૂમતો જાય છે, પછી દેખાતો બંધ થઈ જાય છે.

હવા થંભી જાય છે. કંપન થંભી જાય છે.

વૈજ્ઞાનિકો ગાડી રોકે છે.

"વાહ!" રોસ કહે છે, "કેટલું નજીક હતું! પણ આપણે તો એને જોયું પણ નહીં!"

ચક્રવાત કોઈ ઊંચા પહાડથી પણ મોટું હતું! એ એને કેવી રીતે જોવાનું ચૂકી ગયા? કારણ - એ વરસાદમાં લપેટાયેલું હતું.

વરસાદે ચક્રવાતને ધાબળાની જેમ ઢાંકી દીધું હતું.

એટલે પીછો કરવાવાળાએ એને ત્યાં સુધી જોયું નહીં - જ્યાં સુધી એ લગભગ એમાં સમાઈ ગયા ન હતા.

બંને વૈજ્ઞાનિક ઊંડા શ્વાસ લેય છે. એ જાણકારી માટે એના લેપટોપ તપાસે છે. તોફાન ઉત્તર તરફ આગળ વધી રહ્યું છે. અને એ પણ.

પીછો કરવાવાળા

લોકો હંમેશા તોફાનોનો પીછો કરતા આવ્યા છે. શરૂઆતમાં થોડા લોકોજ પીછો કરવાવાળા હતા. એ તોફાનો તરફ આકર્ષિત થતા હતા - એની અનોખી સુંદરતા અને એની તાકાત તરફ. એને પ્રકૃતિને એના સૌથી શક્તિશાળી રૂપમાં જોવાનું પસંદ હતું.

એ મધ્યમ-પશ્ચિમના મેદાનોમાં ફરતા રહ્યા. એ વસંતના અંતમાં શોધખોળ કરવા નીકળી પડતા હતા.

એ લોકો પ્રશિક્ષિત ન હતા. એ વૈજ્ઞાનિક પણ ન હતા. પણ એ ફોટા જરૂર પાડતા હતા. એ વાદળો અને તાપમાન વિષે નોંધ કરતા હતા. અને જયારે એ ચક્રવાતને ઉઠતો જોતા, તો શહેરના મેયર કે પોલીસને બોલાવતા હતા. એ ચેતવણી આપવી શરુ કરી દેતા હતા.

થોડા વૈજ્ઞાનિકોએ એમના પર ધ્યાન આપ્યું. કદાચ આ તોફાનનો પીછો કરવાવાળા લોકો કંઈક સારું કરી રહ્યા છે, એમણે વિચાર્યું. એટલે એ પણ મેદાનમાં ઉતર્યા.

વજ્ઞાનિકોના મગજમાં ઘણા વિચારો હતા. શું એ ચક્રવાતમાં રોકેટ છોડી શકે? કદાચ ચાલક વગરનું વિમાન? નહીં, એમણે નક્કી કર્યું. એ વિચાર કામ નહીં કરે.

પણ એ બીજી કોઈ કોશિશ કરી શકતા હતા.

એ ચક્રવાતના રસ્તામાં વિશેષ ઉપકરણ લગાવવાની કોશિશ કરી શકતા હતા. એ ઉપકરણ એને ચક્રવાત વિષે નજીકથી જાણવામાં મદદ કરી શકતા હતા.

પહેલા વૈજ્ઞાનિકોએ ટોટો (TOTO) ની કોશિશ કરી.

ટોટો એક આવિષ્કાર હતો જેનું નામ "ધ વિઝાર્ડ ઓફ ઓઝ" ના કૂતરાના નામ પરથી રાખવામાં આવ્યું હતું.

પણ આ ટોટો એક હવામાન કેન્દ્ર હતું. એ એક મોટી કચરા પેટી જેવું દેખાતું હતું. અને એનું વજન 400 પાઉન્ડ હતું.

વૈજ્ઞાનિકોને ટોટોને એક ટ્રકમાં તોફાન સુધી લઈ જવું પડયું. પછી પાંચ લોકોને એ ખેંચીને બહાર લાવવું પડયું. ટોટો એટલો ભારે હતો.

હકીકતમાં, ટોટો બહુ ભારે હતો. એને તૈયાર કરવામાં ઘણો વધારે સમય લાગતો હતો. અને ચક્રવાત કોઈ પણ સમયે પાસે આવી શકતો હતો. એટલે વૈજ્ઞાનિકોએ બીજો એક આવિષ્કાર કર્યો - TURTLE નો.

TURTLE નાના, ચપટા પેકેટ હોય છે

જેમાં ઉપકરણ ભરેલા હોય છે. એને TOTO ની તૂલનામાં તૈયાર કરવા બહુ સહેલા હોય છે.

TURTLE નો ઉપયોગ વૈજ્ઞાનિકોએ એની નવીનતમ યોજના: VORTEX માં કર્યો.

1994 અને 1995 માં, વૈજ્ઞાનિક ટીમોએ ઓક્લાહોમા, ટેક્સાસ અને કેન્સાસમાં ચક્રવાતની શોધ શરુ કરી. એ છત પર લાગેલા હવામાન કેન્દ્રોવાળી વેન અને ગાડીમાં બેસીને આવ્યા.

પાઇલટ વિમાનમાં કૂદીને ગયા. એમણે તોફાનનો પીછો કર્યો. એનું કામ? જમીનના કર્મચારીઓને મદદ કરવાનું. ચક્રવાત કેટલું મોટું હતું? એની ગતિ કેટલી હતી? ઘણી ઊંચાઈથી, એ આવા સવાલોના જવાબ આપી શકતા હતા.

વૈજ્ઞાનિકોએ મોટા-મોટા ગુબ્બારા છોડયા - જેમાં માપવાના ઉપકરણ લટકાવેલા હતા. ગુબ્બારા ઉપર ઉડતા. ભારે પવનથી ઉછળીને હજી વધારે ઉપર જતા.

પછી, ફટ! ગુબ્બારા ફાટી જતા. પેરાશૂટ ખુલી જતા અને ઉપકરણ ધરતી પર આવી જતા.

આ ઉપકરણોએ વૈજ્ઞાનિકોને ઉપરની હવા અને તાપમાન વિષે જણાવ્યું. અને ગુબ્બારાએ પણ વૈજ્ઞાનિકોને હવાની ગતિ અને દિશા વિષે જણાવ્યું.

જે ચક્રવાતનો પીછો કર્યો એ દરેકથી વૈજ્ઞાનિકો ઘણું શીખ્યા. પણ હજી વધારે કામ કરવાનું બાકી છે. ચક્રવાત હજી પણ એક રહસ્ય છે. એક એવું રહસ્ય જેનો તાગ મેળવવો જરૂરી છે.

જયારે વંટોળીઓ આવે છે

તમે રેડીઓ સાંભળી રહ્યા છો. અચાનક ખબર સંભળાય છે. એક ભયંકર તોફાન તમારા તરફ આવી રહ્યું છે. આ વંટોળિયાની ચેતવણી છે!

તમે બારી તરફ દોડો છો. આકાશમાં અંધારું છે. વરસાદ શરુ થઈ જાય છે. દૂરથી ગડગડાહટનો અવાજ આવે છે. વાદળાં નીચે લટકે છે. એક ફનલ બની રહ્યું છે એવું પ્રતીત થાય છે.

તમે શું કરો છો?

તમે રેડીઓ કે ટીવી સાંભળતા રહો, ભલે તમે ઘર પર હોય કે સ્કૂલમાં. એ જરૂરી છે કારણકે ચક્રવાતની ખબર ચક્રવાતની ચેતવણીમાં બદલાઈ શકે છે.

એનો અર્થ છે કે ચક્રવાતને ખરેખર જોવામાં આવ્યું છે.

અથવા રાડારે એને ચોક્કસ પકડી પાડયું છે.

ટેલિફોનનો ઉપયોગ નહીં કરતા. આ તોફાન દરમ્યાન બહુ તેજ વીજળી ચમકે છે.

તમને તારમાંથી ઝટકો લાગી શકે છે.

જો તમે ઘરે છો, તો ભંડકિયામાં જાઓ. પગથિયાં અથવા કોઈ ભારે ફર્નિચરની નીચે સંતાઈ જાઓ.

જો તમારી પાસે ભંડકિયું નથી તો શું કરવું?

તમારા ઘરની વચ્ચે કોઈ ઓરડીરૂપે કબાટમાં બેસી જાઓ.

દીવાલ બાજુ મોઢું કરીને જમીન ઉપર ઘૂંટણિયે બેસી જાઓ. તમારા હાથ માથા પર રાખી લો.

સ્કૂલમાં, જિમ અને ઓડિટોરિયમથી દૂર રહો. આ પ્રકારના મોટા રૂમ પળવારમાં ધરાશાયી થઈ શકે છે.

જો તમે બહાર છો, તો જમીનથી નીચે છુપાવાની જગ્યા શોધો. કોઈ પણ ખાડો સારો રહેશે. પછી સૂઈ જાઓ અને તમારું માથું ઢાંકી લો.

જો તમે ગાડીમાં છો, તો બહાર નીકળી જાઓ. ચક્રવાતથી વધારે ગતિથી ગાડી ચલાવવી મુશ્કેલ છે. ફરી, કોઈ ખાઈમાં સંતાઈ જાઓ.

અને જો તમે ક્યારેય ચક્રવાત કે કોઈ પણ જાતના તોફાનનો પીછો કરવા વિષે વિચારો, તો ફરી વિચારો. ફક્ત વિશેષજ્ઞોએ તોફાનનો પીછો કરવો જોઈએ.

યાદ રાખો, વંટોળીઓ રોમાંચક હોઈ શકે છે. પણ એની શક્તિ ઘરોનો અને જિંદગીઓનો નાશ કરી શકે છે.

તોફાનનો પીછો કરવાવાળા: વંટોળિયાનું પગેરું

વંટોળિયા દુનિયાના સૌથી ઘાતક તોફાનોમાંથી એક છે.
તો પણ થોડાક લોકો એનાથી ભાગતા નથી -
એ એના તરફ દોડે છે!
તોફાનનો પીછો કરવાવાળા એ લોકો કોણ છે?
અને એ વંટોળિયાનો પીછો કેવી રીતે કરે છે
અને જીવતા પાછા કેવી રીતે આવે છે?
આ અદ્ભૂત પુસ્તકને વાંચો અને જાણો.